# આસ્થા અને પ્રકૃતિનો સંગમ : વાંસડી નદીના તટે નિર્માણ થયેલા પઢિયારના દેવસ્થાનો






પઢિયાર ગામની પ્રાચીન ઓળખ અને સંસ્કૃતિ તેના પવિત્ર જળાશયો અને દેવસ્થાનોમાં વસેલી છે. વાંસડી નદીના કિનારે આવેલું બળિયાદેવનું મંદિર સમગ્ર ગામ માટે અતૂટ શ્રદ્ધાનું પ્રતીક છે. ગ્રામજનો અહીં પોતાની મનોકામનાઓ લઈને આવે છે અને શ્રદ્ધા પૂર્વક બાધા-આખડી રાખે છે. જ્યારે શ્રદ્ધાળુઓની માનતા પૂર્ણ થાય છે, ત્યારે તેઓ વાજતે-ગાજતે, ઢોલ-નગારાના નાદ અને ભક્તિમય ભજનો સાથે મંદિરે આવી પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

ગામની આધ્યાત્મિક શોભામાં વધારો કરતું કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ભક્તિ અને સામાજિક એકતાનું કેન્દ્ર છે. વર્ષ ૧૯૯૭માં સ્થપાયેલા આ મંદિરમાં દરરોજ સવાર-સાંજ ભક્તિભાવપૂર્વક આરતી થાય છે. અહીં રાઉલજી સમાજની બહેનો સમયાંતરે એકત્ર થઈને ભજન-કીર્તન કરે છે જે ગામની અતૂટ સામાજિક એકતાના દર્શન કરાવે છે. શ્રાવણ માસ દરમિયાન ગામની દીકરીઓ આ મંદિરે વિશેષ પૂજા-અર્ચના માટે ઉમટી પડે છે જે એક સુંદર પરંપરા છે. સીમમાં આવેલું વિશાળ તળાવ અને નદી કિનારે આવેલા આ મંદિરો પઢિયારના વાતાવરણને આધ્યાત્મિક ઊર્જાથી ભરી દે છે.



### શૌર્ય અને લોક આસ્થાનું પ્રતીક પઢિયારમાં ક્ષત્રિય વીર ભાથીજી મહારાજનું મંદિર

પઢિયાર ગામની મધ્યમાં બિરાજતા ક્ષત્રિય વીર ભાથીજી મહારાજનું મંદિર ગ્રામજનો માટે માત્ર આસ્થાનું કેન્દ્ર નથી પરંતુ શૌર્ય અને બલિદાનની જીવંત સાક્ષી છે. ક્ષત્રિય સમાજમાં આ સ્થાનકનું વિશેષ મહત્વ રહેલું છે જ્યાં દરરોજ ભાવિકો દાદાના દર્શને આવે છે. ભાથીજી મહારાજના પરોપકારી જીવન અને ગાયોની રક્ષા માટે આપેલા બલિદાનની સ્મૃતિમાં ગ્રામજનો દ્વારા દર વર્ષે પરંપરાગત આખ્યાન રજૂ કરવામાં આવે છે. જે નવી પેઢીમાં સંસ્કાર અને સ્વાભિમાનનું સિંચન કરે છે. આ મંદિરની સૌથી મોટી વિશેષતા દેવ દિવાળીનો પર્વ છે. આ દિવસે ગામમાં ભવ્ય મેળો એટલે કે જાયણી ભરાય છે. આ ઉત્સવમાં સમગ્ર ક્ષત્રિય સમાજ પરંપરાગત વેશભૂષામાં હાથમાં તલવાર લઈને એકત્રિત થાય છે. જે દ્રશ્ય પઢિયારની શૌર્યવંતી પરંપરાને જીવંત કરે છે. વાજતે-ગાજતે નીકળતા સરઘસમાં ભાથીજી મહારાજને યાદ કરી વિશેષ પૂજન અને આરતી કરવામાં આવે છે. આસ્થા અને વીરતાના આ અનોખા સંગમથી દેવ દિવાળીના દિવસે પઢિયારનું વાતાવરણ ભક્તિ અને જુસ્સાથી ભરાઈ જાય છે.

# ગામની આર્થિક ઉન્નતિનો આધાર ધી પઢિયાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી




પઢિયાર ગામ મુખ્યત્વે ખેતી અને પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલું હોવાથી ગ્રામજનોનું જીવન અને આવક મોટાભાગે દૂધ ઉત્પાદન પર નિર્ભર છે. ગામના પશુપાલકોને યોગ્ય ભાવ અને બજાર મળી રહે તે હેતુથી ૧૨ ડિસેમ્બર, ૧૯૮૩ ના રોજ ધી પઢિયાર દૂધ ઉત્પાદક સહકારી મંડળીની સ્થાપના કરવામાં આવી હતી જે આજે ચાર દાયકા બાદ પણ અવિરત સેવા આપી રહી છે.

આ મંડળીના કુશળ વહીવટમાં ચેરમેન અનોપસિંહ દલપતસિંહ રાઉલજી, સેક્રેટરી મુકેશભાઈ જશવંતભાઈ રાઉલજી, ક્લાર્ક કરણભાઈ ભયજીભાઈ પટેલ અને ૧૨ સભ્યોની કમિટી મહત્વની ભૂમિકા ભજવી રહી છે. હાલમાં મંડળીમાં ૨૭૫ જેટલા નાના-મોટા પશુપાલકો સદસ્ય તરીકે નોંધાયેલા છે. પશુપાલકોની મહેનત અને મંડળીના પારદર્શક વહીવટને કારણે આ ડેરી માસિક અંદાજે રૂ. ૩૦ લાખ જેટલું મોટું આર્થિક ટર્નઓવર કરે છે. પઢિયારની આ સહકારી મંડળી પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિનું પ્રવેશદ્વાર સાબિત થઈ રહી છે. જેનાથી ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળી છે.

### ગામના સુવ્યવસ્થિત વહીવટ માટે પંચાયતના પ્રતિનિધિઓ એક સંપથી કાર્યરત છે



પઢિયાર ગામના સર્વાંગી વિકાસ અને ગ્રામજનોની સુખાકારી માટે પઢિયાર ગ્રામ પંચાયત હંમેશા સક્રિય ભૂમિકા ભજવી રહી છે. ગામના પાયાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓની ટીમ કટિબદ્ધ છે. પઢિયાર ગામની કુલ વસ્તી અંદાજે 2250 જેટલી છે જેમાં ૧૧૪૮ પુરુષો અને 1102 મહિલાઓનો સમાવેશ થાય છે. વસ્તીના આ સંતુલિત આંકડા ગામના સામાજિક સ્તરની મજબૂતી દર્શાવે છે. ગામના સુવ્યવસ્થિત વહીવટ માટે પંચાયતના પ્રતિનિધિઓ ખભેખભો મિલાવીને કાર્યરત છે. હાલમાં સરપંચ તરીકે હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજી અને ડેપ્યુટી સરપંચ તરીકે પ્રદિપકુમાર અનોપસિંહ રાઉલજી કાર્યભાર સંભાળી રહ્યા છે. પંચાયતના વિવિધ વોર્ડના સભ્યોની વાત કરીએ તો, વોર્ડ-1 માં દિનેશકુમાર લાલજીભાઇ મકવાણા, વોર્ડ-૨ માં સવિતાબેન પ્રવિણભાઇ પરમાર, વોર્ડ-4માં પ્રેમિલાબેન સુરેશભાઇ પરમાર, વોર્ડ-5 માં કિશનકુમાર નરવતભાઇ ચૌહાણ, વોર્ડ-૬ માં દક્ષાબેન જગદિશકુમાર ચૌહાણ અને વોર્ડ-૭ માં શર્મિષ્ઠાબેન પ્રકાશભાઇ પટેલ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. આ તમામ સભ્યો એકજૂટ થઈને રસ્તા, પાણી, લાઈટ અને સ્વચ્છતા જેવી પાયાની સુવિધાઓ લોકો સુધી પહોંચાડવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે.

# સરકારના હકારાત્મક પ્રતિસાદને કારણે રૂા. 70 લાખના માતબર ખર્ચે પાકા બ્રિજનું નિર્માણ

કોઈપણ પ્રદેશના સર્વાંગી ઉત્થાન માટે પાયાની જરૂરિયાત એ મજબૂત માળખાગત સુવિધાઓ હોય છે અને પઢિયાર ગામ માટે આ વિકાસની શરૂઆત વર્ષ 2021માં નિર્મિત થયેલા ભવ્ય બ્રિજથી થઈ છે. પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પઢિયાર ગામનો સૌથી જટિલ પ્રશ્ન અંદરના મુવાડાઓને મુખ્ય ગામ સાથે જોડતા માર્ગનો હતો. જ્યાં એક વિશાળ કોતર આવેલું હોવાને કારણે ગ્રામજનોએ દાયકાઓ સુધી પાયાની સુવિધાઓ મેળવવા માટે પારાવાર સંઘર્ષ કરવો પડ્યો હતો. ખાસ કરીને ચોમાસાના સમયે આ માર્ગ બંધ થઈ જવાથી સ્થાનિકોએ લાંબો અને હાલાકીભર્યો ફેરો કરવા મજબૂર બનવું પડતું હતું.



પઢિયારના ભાગ્યમાં આ પરિવર્તન ત્યારે આવ્યું જ્યારે ગામના જ જાગૃત યુવાન આશિષ બારિઆએ માત્ર 18 વર્ષની વયે ગ્રામજનોની આ પીડાને સમજીને તેને વાચા આપવાનું બીડું ઝડપ્યું. તેમણે આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે તત્કાલીન મુખ્યમંત્રીને સીધી રજૂઆત કરી અને સરકારના હકારાત્મક પ્રતિસાદને કારણે પઢિયારના આંગણે રૂા. 70 લાખના માતબર ખર્ચે પાકા બ્રિજનું નિર્માણ શક્ય બન્યું. આ બ્રિજના લોકાર્પણ સાથે જ પઢિયાર ગામમાં સુવિધાઓના નવા યુગનો પ્રારંભ થયો છે. જેણે માત્ર અંતર જ નથી ઘટાડ્યું પરંતુ ગ્રામજનોના આત્મવિશ્વાસમાં પણ વધારો કર્યો છે.

આ સુવિધા મળવાને કારણે આજે પઢિયારના ખેડૂતો અને પશુપાલકો માટે દૂધ મંડળી સુધી પહોંચવું અત્યંત સરળ બન્યું છે. જેનાથી ગામના અર્થતંત્રને નવો વેગ મળ્યો છે. આ ઉપરાંત, ગામની શાળા અને હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હવે કોઈપણ ભય વગર નિયમિત શિક્ષણ મેળવી રહ્યા છે. જે ગામના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે. રૂ. ૭૦ લાખના ખર્ચે બનેલો આ બ્રિજ પઢિયાર માટે ખરા અર્થમાં વિકાસની શરૂઆતનું પ્રતીક સાબિત થયો છે. જેનાથી પ્રેરાઈને હવે ગામ સ્વચ્છતા અને શિક્ષણ જેવા અન્ય ક્ષેત્રોમાં પણ પરિવર્તનના ડગલાં માંડી રહ્યું છે. સરકારના સહયોગ અને યુવા શક્તિના સંકલ્પથી પઢિયાર આજે પ્રગતિ પંથ પર મક્કમતાથી આગળ વધી રહ્યું છે.

# લોકોના સભાનતા અને ઉત્તમ કામગીરીથી ગામના વિકાસને નવી ગતિ મળી છે



પઢિયાર ગામના વિકાસમાં હવે માત્ર વહીવટી તંત્ર જ નહીં પરંતુ ગામના જાગૃત યુવાનો અને વડીલો પણ ખભેખભો મિલાવીને જોડાઈ રહ્યા છે. ગામની સુખાકારી અને પાયાની સુવિધાઓ માટે થતા પ્રયાસોમાં એક નવું અને ઉમદા સોપાન વડીલ 70 વર્ષ ઉંમરના નાગરિક કાનાભાઈ રામાભાઈ પરમારે ઉમેર્યું છે. ગામના જાહેર માર્ગો પર ગટરની ગંદકી અને સ્વચ્છતાના પ્રશ્નોથી ગ્રામજનોને મુક્તિ અપાવવા માટે તેમણે આધુનિક ડિજિટલ યુગના પેપરલેસ માધ્યમનો આશરો લીધો હતો.કાનાભાઈએ ઈ-મેઈલના માધ્યમથી સ્થાનિક કક્ષાથી લઈને છેક દિલ્હી મંત્રાલય સુધી ધારદાર રજૂઆતો કરી હતી. આ સચોટ રજૂઆતના ફળસ્વરૂપે, પઢિયારમાં સોકપીટ (શોષખાડા) બનાવવા માટે રૂ. 3.31 લાખની વિશેષ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. લોકોના સ્વાસ્થ્ય પ્રત્યેની આ સભાનતા અને ઉત્તમ કામગીરીથી ગામના વિકાસને નવી ગતિ મળી છે. એક જાગૃત નાગરિક તરીકે ગામના હિત માટે કેટલું તત્પર રહેવું જોઈએ તેની પ્રેરણા કાનાભાઈની આ કામગીરીમાંથી સૌ કોઈને મળે છે. ગ્રામ પંચાયત અને નાગરિકોના આ સહિયારા પુરુષાર્થથી પઢિયાર હવે નિર્મળ ગામ બનવા તરફ મક્કમ ડગ માંડી રહ્યું છે.



# પઢિયાર પ્રાથમિક શાળા : નવ દાયકાથી જ્ઞાનનો ઉજાસ ફેલાવતું પવિત્ર વિદ્યાધામ

પઢિયાર ગામની શૈક્ષણિક ઓળખ સમાન પઢિયાર પ્રાથમિક શાળાની સ્થાપના ૧ જૂન, ૧૯૩૧ના રોજ કરવામાં આવી હતી. પંચમહાલ શિક્ષણ સમિતિ દ્વારા સંચાલિત આ શાળા આજે આચાર્ય કમળાબેન માછીના કુશળ માર્ગદર્શન હેઠળ પ્રગતિના શિખરો સર કરી રહી છે. શાળામાં બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના ૧૨૧ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જેમને ૫ સમર્પિત શિક્ષકોનો સ્ટાફ પાયાનું શિક્ષણ આપી રહ્યો છે. શાળાનું શૈક્ષણિક વાતાવરણ સુંદર બગીચા અને હરિયાળા પર્યાવરણથી સજ્જ છે. નોંધનીય છે કે, આ શાળાના આંગણેથી ભણીને નીકળેલા વિદ્યાર્થીઓ આજે શિક્ષક, સૈનિક, ડ્રાઈવર,પોલીસ,ફોરેસ્ટ અને પત્રકાર અને અન્ય વિવિધ વ્યવસાય ક્ષેત્રોમાં ગામનું નામ રોશન કરી રહ્યા છે.

શાળાના શૈક્ષણિક સ્તરને ઉંચુ લાવવામાં આ શાળાના સંનિષ્ઠ શિક્ષક રાજેન્દ્રકુમાર પરમારનું યોગદાન વિશેષ છે. શિક્ષણ પ્રત્યે ઊંડો રસ ધરાવતા રાજેન્દ્રભાઈ સાહિત્યિક ક્ષેત્રે પણ ગઝલ લેખનનો શોખ ધરાવે છે. તેઓ ક્ષિતિજ ઉપનામથી ગઝલો લખે છે. અને હાલમાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી. (PhD) કરી રહ્યા છે. તેમની આ ઉચ્ચ અભ્યાસની રુચિ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહી છે. તેમના હાથ નીચે ભણેલ વિધાર્થી અનેક ક્ષેત્રે આગળ છે. તેઓ શૈક્ષણિક ઈનોવેશન અને ગુજરાતી કવિતા ક્ષેત્રે પોતાની કલમ ચલાવી રહ્યા છે. તેઓ ખાસ કરીને શાળાના વિદ્યાર્થીઓને આકાશવાણી ઉપર કાર્યક્રમ કરવા લઈ જાય છે તે સિવાય સાહિત્ય અને શૈક્ષણિક સેમિનારો પર સંવાદોમાં તેમજ કવિ સંમેલનોમાં નિયમિત ભાગ લઈ પોતાના બાળકો અને પોતાના વિકાસ માટે કાર્ય કરી રહ્યા છે. પઢિયાર શાળાનું નામ શાળાના અન્ય શિક્ષકો પણ અવનવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા ગામના બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ આપી વધારી રહ્યા છે.

### સરદાર પટેલ વિદ્યાલય: પઢિયારમાં ઉચ્ચ શિક્ષણની ઉત્તમ સુવિધા



ગામના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી વર્ષ ૧૯૯૧માં નૂતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. હાલમાં આ હાઈસ્કૂલ આચાર્ય વિનોદભાઈ પટેલના કુશળ વહીવટ હેઠળ કાર્યરત છે જ્યાં ધોરણ ૯ અને ૧૦ માં કુલ ૫૮ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની સુરક્ષા અને શિસ્તને ધ્યાને રાખીને સમગ્ર સંકુલ CCTV કેમેરાની દેખરેખ હેઠળ સજ્જ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દાયકાથી આ વિદ્યાલય ગ્રામીણ પ્રતિભાઓને ઘડવાનું અને તેમને ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યું છે.

# બેન્કિંગ અને ટપાલ સેવા ગ્રામજનોની આર્થિક વ્યવહાર માટે મહત્વની સુવિધા છે



પઢિયાર ગામની આર્થિક ઉન્નતિમાં બેન્ક ઓફ બરોડા મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. ગામમાં જ બેન્કની સુવિધા હોવાથી ગ્રામજનોને નાણાકીય વ્યવહાર માટે દૂર જવું પડતું નથી. અહીં સેવિંગ, કરંટ અને લોન જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને સુરક્ષા વીમા યોજના જેવા સરકારી લાભો પણ અહીં જ મળી રહે છે. બેન્ક દ્વારા યુવાનોને નવા વ્યવસાય કે વાહન ખરીદવા માટે લોન આપીને પ્રોત્સાહિત કરવામાં આવે છે તેમજ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની સહાય ઘરઆંગણે જ મળી રહે છે. ત્વરિત સેવાને કારણે લોકોને લાંબી લાઈનોમાં ઊભા રહેવું પડતું નથી જે વહીવટી પારદર્શિતાનું ઉત્તમ ઉદાહરણ છે.

ગામમાં પત્રવ્યવહાર અને ટપાલ સેવા માટેની સુવિધા પણ કાર્યરત છે. અહીંના ટપાલી વિશાલભાઈ પરમાર ગ્રામજનોની મહત્વની ટપાલો અને કાગળો સમયસર પહોંચાડવાની નિષ્ઠાપૂર્વકની કામગીરી કરી રહ્યા છે. આ સેવાથી વિધવા સહાય મેળવતી મહિલાઓને પણ ઘણો લાભ મળે છે. જોકે, ગામમાં હજુ પણ ટપાલ વિભાગની પોતાની કાયમી ઓફિસનો અભાવ વર્તાઈ રહ્યો છે. છતાં કર્મચારીઓની મહેનતથી લોકોની ટપાલ સેવા અવિરત ચાલુ છે.

# સુવિધાઓનું સુદ્રઢ માળખું રચાવાથી માર્ગ અને પાણીની સમસ્યાઓનો કાયમી ઉકેલ

ગામના સરપંચ હરેન્દ્રસિંહ રામસિંહ રાઉલજીના નેતૃત્વમાં અને ગ્રામ પંચાયતના સહકારથી પઢિયાર આજે આધુનિક સુવિધાઓથી સજ્જ બન્યું છે. ગામના દરેક ફળિયામાં પેવર બ્લોક નાખવામાં આવ્યા છે તેમજ મુખ્ય વિસ્તારોમાં પાકા આર.સી.સી. માર્ગો બનાવવામાં આવ્યા છે. આ સુવિધાને કારણે ગ્રામજનોના ઘરો સુરક્ષિત બન્યા છે અને વર્ષાઋતુમાં પણ કોઈપણ મુશ્કેલી વગર અવરજવર શક્ય બની છે. પીવાના પાણીની સમસ્યાના કાયમી નિકાલ માટે વાસમો,પાણી પુરવઠા વિભાગ અને ગ્રામ પંચાયત દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. ફળિયે-ફળિયે હેન્ડપંપોની સુવિધા સાથે નલ સે જલ યોજના અંતર્ગત ગામમાં પાણીની ટાંકી અને ઘરે-ઘરે નળ જોડાણ આપવામાં આવ્યું છે. આ ભગીરથ કાર્યને લીધે ગામની બહેનોને હવે પીવાના પાણી માટે દૂર સુધી ભટકવું પડતું નથી જે વિકાસની દિશામાં એક મોટું ડગલું છે. કનેક્ટિવિટીની વાત કરીએ તો, પઢિયાર મુખ્ય ગામની સાથે તેના ચારેય મુવાડાઓ–અંદરના મુવાડા, કરણમુવાડા, હરિના મુવાડા અને ભેમુકૂઈના મુવાડા–હવે માર્ગ અને મકાન વિભાગ દ્વારા નિર્મિત પાકા ડામર રોડથી જોડાઈ ગયા છે. પાયાની આ સુવિધાઓને કારણે પઢિયાર આજે એક મોડેલ ગામ તરીકે ઉભરી રહ્યું છે.



(માહિતિ સંકલન : આશિષ બારીઆ)